:: પ્રેસનોટ ::

"સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો-૨૦૨૬"

સાહિત્ય, સંસ્કૃતિ અને જ્ઞાનના પ્રચાર-પ્રસાર દ્વારા વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તથા નવી પેઢીમાં વાંચન પ્રત્યે રુચિ વિકસે તેમજ વિચારશીલ અને જ્ઞાનસભર સમાજ નિર્માણના હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ગ્રાઉન્ડ, સુરત ખાતે આયોજીત "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"ના સેમીનાર ડોમમાં દરરોજ પ્રખર વકતાશ્રીઓના વ્યાખ્યાન વિવિધ સ્પર્ધાઓ, કવિસંમેલન, વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પપેટ શો વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે.

આ "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"ના સેમિનાર ડોમમાં વિદ્યાર્થીઓ અને કલાકારોમાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.




"જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે આ પુસ્તક મેળાના સેમીનાર ડોમ ખાતે યોજાનાર પ્રખર વકતાશ્રીઓના વ્યાખ્યાન, કવિસંમેલન, વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પપેટ શો વિગેરે કાર્યક્રમોના સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં ૫૮૮ તા.૧૯/૦૨/૨૦૨૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.